Vol. 6, Issue: 5, May: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

# સાહિત્ય અને સિનેમા

પ્રો.ભૂમિકા એમ. મિસ્ત્રી
શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ
એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા

માનવી એક સામાજિક પ્રાણી છે. જે સમાજમાં પોતે રહે છે ત્યાં પોતાને અભિવ્યકત કરવા માટે ભાષાનો ઉપયોગ કરે છે. ભાષાનો જન્મ થતાં જ સાહિત્ય ઉદ્ભવ્યુ - ભાષાની શોધ થતાં પ્રથમ ઉચ્ચારો (અવાજ) અને પછી સંકેતો (ચિત્રો) લિપિ બન્યો. અને ક્રમબદ્ધ અને વિચારોએ કલ્પના ચિત્રો ઉભા કર્યા. શબ્દોના સથવારે કાગળ પર કલ્પનાઓ ઊતરી અને સાહિત્યમાં વાર્તા, નવલકથા, કાવ્યોમાં માનવજાત અભિવ્યકત થતી રહી.

શોધોનો યુગ શરૂ થયો અને ચિત્રમાંથી ચલચિત્ર પ્રગટયું અને ઝડપભેર દુનિયા આ દશ્ય-શ્રાવ્ય માધ્યમની શોખીન બની ગઈ. ફિલ્મ સર્જાય એ પહેલાં લખાય છે. પણ એ લખાય ત્યારે પાત્રો શું બોલશે કે શબ્દની ભાષા સાથે કેમેરો શું દેખાડશે તે કેમેરાની ભાષા પણ લખાય છે,વિચારાય છે.

ફિલ્મ નિર્માતાઓ ફિલ્મની કથા તરીકે સાહિત્યકૃતિઓનો આધાર લેતા થયા ત્યારથી સાહિત્યકૃતિ આધારિત ફિલ્મ બનાવવાનું શરૂ થયું. કથા-પટકથા-સંવાદનો અધાર વાર્તા કે નવલકથા બને ત્યારે તે સાહિત્યકૃતિ આધારિત ફિલ્મ બની ગણાય. આમ સાહિત્ય અને ફિલ્મ વચ્ચે ઘણો સામ્યભેદ છે.

સાહિત્ય અને સિનેમાનો સંબંધ ઘણો વિવાદાસ્પદ રહયો છે. ચિત્રપટ જયારથી બોલપટ બન્યુ અને એમાં વાર્તાકથનની કલા પ્રવેશી ત્યારથી ફિલ્મ સાથે સાહિત્યનું સાયુજય સાધવાના પ્રયાસો થતાં રહયા છે. કયારેય આવુ સાયુજય મિથ્યા કે ભ્રામક હોય છે. આમ છતાં કથનાત્મક ચલચિત્ર અને લેખિત કથનપ્રધાન સાહિત્ય વચ્ચે એક પ્રકારનો ભેદ જોવા મળે છે. કયારેક આ બંને વચ્ચે કશોય ભેદ નથી. એમ કહેવાયું છે. બંને માધ્યમો જુદા છે, બંનેના ધ્યેયો જુદા છે. બંનેની રજુઆત અને અભિવ્યકિત પણ જુદી છે.

ફિલ્મ કોઈપણ કલામાંથી ગમે તેટલું ગ્રહણ કરે પણ તેને પોતાના ઢાંચામાં ઢાળીને રજૂ કરે છે. આથી પ્રસિદ્ધ નવલિકા કે નવલકથા જયારે કચકડાની પટ્ટીમાં મઢાઈને પ્રગટ થાય ત્યારે તેના આલેખનનું ગણિત સાવ જુદું હોય છે. પોતાની કૃતિનું ફિલ્મમાં રૂપાંતર થાય છે. ત્યારે તેના પરત્વે કયારેક સર્જક પોતે અસંતોષ અનુભવતો હોય છે. ગુજરાતીના પ્રતિષ્ઠીત સર્જક મનુભાઈ પંચોળીની ‘ઝેર તો પીધા છે જાણી -જાણી’ ના પ્રથમ બે ભાગ પરથી અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીએ તૈયાર કરેલા ચલચિત્ર ‘ઝેર તો પીધા છે જાણી -જાણી’ વિશે નવલકથા સર્જક દર્શક ને સહેજે સંતોષ થયો ન હતો. વિખ્યાત નવલકથાકાર શ્રી આર.કે. નારાયણની નવલકથા પરથી દેવઆનંદે ગાઈડ નામનું ચલચિત્ર તૈયાર કર્યું. આ ચલચિત્ર અંગે આર.કે. નારાયણને તીવ્ર અસંતોષ હતો. મૂળ કૃતિની કલાત્મકતા સાવ નંદવાઈ ગઈ હોય અને ઘણે સ્થળે તેમાં ફિલ્મી મસાલો ભરી દીધાનું આર.કે. નારાયણને લાગ્યુ હતું.

નોર્મલ મિલરે ફિલ્મ અને સાહિત્ય બંનેને સાવ જુદાં જ ગણ્યાં છે. એમણે કહયું છે કે ફિલ્મઅને સાહિત્ય એટલાં જુંદા છે. જેટલાં ગુફાચિત્રો અને ગીત જુંદાં છે.

બીજી વિચારધારા એવી મળે છે કે ચલચિત્રો અને સાહિત્ય વચ્ચે સામ્ય છે. ભલે એમાં થોડો તફાવત હોય પણ બંને એકબીજાથી સાવ ભિન્ન નથી. સાહિત્ય અને ચલચિત્ર બંને એકબીજાથી ક્ષેત્રે કામગીરી બજાવતા શ્રી વિઠ્ઠલ પંડયાએ એક મુલાકાતમાં આ અંગે અભિપ્રાય આપતાં કહયું,

"સાહિત્ય અને ફિલ્મના માધ્યમમાં ઘણો બધો ફરક છે. સાહિત્યમાં માનવમનની ગડમથલો, વ્યથા, સુખ-દુઃખ વગેરે વ્યકત કરવા માટે લેખકે લાંબુ વિવરણ કરવું પડે છે. તે જ 'લોકલ'એટલે અમુક જગ્યાનું વાતાવરણ રજૂ કરવા માટે જે મહેનત કરવી પડે છે. એવું વિવરણ કે મહેનત ફિલ્મના માધ્યમમાં કરવા પડતાં નથી. એ બધું કામ કેમેરાના હલન-ચલન વડે બહે આસાનીથી થઈ શકે છે. કેમેરાનો એક જ શોર્ટ જે દશ્ય રજૂ કરે છે અને એ દશ્યનો મૂળ્ સમજાવે એ બતાવવા લેખકને ઘણા બધા ફકરાઓ લખવા પડે છે. આમ બંને માધ્યમમાં ખાસો એવો તફાવત રહેલો છે. "

સાહિત્ય અને ફિલ્મ બંનેએ માનવ સભ્યતા પર ગાઢ અસર કરી છે. એમ પણ કહી શકાય કે તેમાં થતું વિકૃત આલેખન સમાજ પર એટલી જ વિકૃત અસર જન્માવે છે. સાહિત્યમાં લોકપ્રિય થવા જતાં સર્જકતાને હાનિ પહોંચાડયાના ગુજરાતી નવલકથામાંથી થોકબંધ ઉદાહરણો મળે. આવી જ રીતે ફિલ્મને લોકપ્રિય બનાવવા જતાં એના સર્જક ઉન્મેષોને હાનિ થઈ હોય એવું જોવા મળે છે. આમ છતાં એટલું તો સ્વીકારવું પડે કે સાહિત્યને માત્ર ભાષાની કલામાં મર્યાદિત કરી એ તો ફિલ્મની બાદબાકી કરવી પડે.

ફિલ્મોનો બધાં સાહિત્ય સ્વરૂપોમાં વિશેષતઃ નાટક સાથે સંબંધ હશે એમ લાગે છે. પરંતુ હકીકતમાં ચલચિત્રને નાટક કરતાં નવલકથા સાથે વિશેષ સંબંધ છે. બંનેમાં સ્થળ-કાળ- સમયની એકતાની ઉપેક્ષા થઈ છે. નવલકથા થોડાં વાકયોમાં અને ફિલ્મ થોડાં દશ્યોમાં ભૂતકાળમાં કેટલાં વર્ષોને દર્શાવી શકે છે. બંનેનું સંકમણ પણ સરળ છે. ફિલ્મ તેના બંધારણની બાબતમાં રંગમૂભિ સાથે જોડાયેલી છે. પરંતુ તેના સ્વરૂપની બાબતમાં એ નવલકથા સાથે વધું સંબંધ ધરાવે છે.

ચલચિત્ર અને સાહિત્ય બંને ભાષાનો જુદી રીતે ઉપયોગ કરે છે. એવું પણ બને કે ફિલ્મની ભાષા વ્યાકરણની દષ્ટિએ અલગ પણહોય, વળી ફિલ્મમાં પક્ષીનું જે ચિત્ર બતાવવામાં આવે છે તે પક્ષી શબ્દ કરતાં વધુ પ્રત્યક્ષ લાગે છે. પરંતુ ફિલ્મ માત્ર વાસ્તવ સુધી જ મર્યાદિત ન રહી, એણે અનેક અંધારા ખૂણા શોધવાનો પ્રયાસ કર્યો.

ફિલ્મ અને સાહિત્યનો ભેદ વિચારીએ તો એક વિચાર એ પણ કરવાનો રહેશે કે નવલકથા જે આલેખે છે એ બધું જ ફિલ્મ રજૂ કરી શકે ખરી ? 'સરસ્વતીચંદ્ર' ના બીજા ભાગમાં 'જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન'એ પ્રકરણમાં કુમુદસુંદરીનું હૃદયવિહારક મનોમંથન સર્જક ગોવર્ધનરામે શબ્દોથી સાકાર કર્યું છે. એ મનોમંથનને ચિત્રપટ દ્વારા દર્શકના માનસપટ પર ઉપવાસી શકાય ખરૂં ? ફિલ્મના માધ્યમને માણસ શું વિચારે છે કે શી કલ્પના કરે છે એ દર્શાવવા કરતાં માણસ શું કરે છે અને શું બોલે છે એ દર્શાવવું વધુ ફાવે છે.

સાહિત્ય એ એકાંત ભોગી કલા છે. મનોમન લીલાની ભૂમિ છે. આથી 'ગુજરાતનો નાથ' વાંચતી વખતે મંજરીનું પાત્ર કે 'પૃથ્વીવલ્લભ' વાંચતી વખતે મુંજનું પાત્ર દરેક ભાવકની મનોસૃષ્ટિમાં આગવારૂપે વિલસતું હોય છે.'ગુજરાતનો નાથ' ની મંજુરી, 'મળેલા જીવ'ની જીવી, 'ઝેર તો પીધાં છે જાણી-જાણી'ની રોહિણી તથા 'અમૃતા' ની અમૃતાની માનસછબી પ્રત્યેક ભાવકે જુદી -જુદી હોય છે. મુનશીની મંજુરી તે ભાવકની મંજરી ન હોય, જયારે ફિલ્મમાં આવો ભેદ લેપાઈ જાય છે. પ્રેક્ષકને સાહિત્યમાં મનની લીલાની જેવી મોકળાશ મળે છે, એ મોકળાશ દશ્યતાને કારણે ચલચિત્રમાં સાંપડતી નથી. જો કે ચલચિત્રમાં આને માટે વોઈ ઓવર નામની ટેકનીક અજમાવાય છે. જેમાં પાત્ર કોઈની સાથે બોલતું ન હોય, પરંતુ એના મનમાં ચાલતું મંથન એના અવાજમાં અથવા તો અન્યના અવાજમાં રજુ કરાય છે.

નવલકથા લેખક કહેતો હોય છે એમાં આપણે એટલું જ જાણીએ અને સાંભળીએ છીએ કે જેટલું નલકથા લેખક ઈચ્છતો હોય, પરંતુ ફિલ્મમાં તો દિગ્દર્શકે વિચાર્યું હોય તેના કરણાં પણ વધુ આપણે જાણીએ અને જોઈએ છીએ. કેમેરા દ્વારા એકેએક ઝીણી વિગતો ફિલ્મમાં રજૂ થઈ શકે છે. તેટલું વર્ણન કરવું નલકથાકારને માટે શકય હોતું નથી. નવલકથાનું મુખ્ય પ્રભાવશાળી પરિબળ નવલકથાનાં વસ્તુ, પાત્રો, પરિવેશ, વાર્તા સામાગ્રી અને એનું ભાષામાં થતું કથન છે. બીજા શબ્દોમાં કહીએ તો નવલકથામાં કથા અને કહેનાર વચ્ચે સંબંધ છે. જયારે ફિલ્મનું પ્રેરક બળ તો એની વાર્તા અને એની કલ્પનાના પ્રગટીકરણ વચ્ચે છે, નવલકથામાં પ્રથમ પુરૂષ રૂપે કથન લાભદાયી બને છે. જયારે ફિલ્મમાં એ એટલું પ્રભાવશાળી બનતું નથી.

ફિલ્મ અને સાહિત્ય એ બંને માધ્યમોના ભેદ અને સામ્ય જાણતા ન હોઈએ તો એવું બને કે કોઈ મહાનકલાકૃતિ નિષ્ફળ ચિત્રપટ તરીકે જોવા મળે.સાહિત્ય અને ફિલ્મ બંને વચ્ચેનો ભેદ એ છે કે બંનેના સર્જનનું નિયામક તત્વ જુદું છે. પુસ્તક એ એક

વ્યકિતનું સર્જન છે, જયારે ફિલ્મ એ સમૂહનું સર્જન છે. જેમાં અનેક લોકો જુદી - જુદી અને નિશ્ચિત કામગીરી બજાવતા હોય છે.

ફિલ્મમાં કયારે એકજ વ્યકિત દિગ્દર્શન, નિર્માણ,અભિનય વગેરે સાંભળતી હોય છે. આમ છતાં એ માત્ર એકજ વ્યકિતનું સર્જન હોય એવું બનતું નથી. એમ કહી શકાય કે બીજી ફિલ્મો કરતાં ઓછી વ્યકિતઓના સહયોગથી આ ફિલ્મ બની છે. પરંતુ એક જ વ્યકિત ફિલ્મસર્જન કરી શકતી નથી. એવી જ રીતે નવલકથાકારને નિર્માણ અને વિતરણની કોઈ વ્યવસ્થા કરવાની હોતી નથી.કોઈ ચિત્રકાર એકાંતમાં બેસીને કલાસર્જન કરી શકે,પણ ફિલ્મ સર્જક આવી રીતે એકાંત ખૂણામાં બેસીને સર્જન કરી શકતો નથી. આનું કારણ એ છે કે ફિલ્મ એ સહિયારો પ્રયાસ છે અને એનું નિર્માણ ઘણું ખર્ચાળ છે. વળી એ જ રીતે ફિલ્મ નિર્માણને માટે નિર્માતા પોતેજ બધા સાધનો ધરાવતો હોતો નથી. નવલકથાકાર, પછી ગોવર્ધનરામ હોય કે ટોલ્સટોય હોય કે જેમ્સ જોયસ હોય પણ એમને બીજાનાં સાધનો પર આધાર રાખવો પડે છે. આથી ટેકનોલોજીને સાહિત્યકાર સાથે જેટલો સંબંધ છે તેના કરતાં ફિલ્મ નિર્માતાને એની સાથે વધુ ગાઢ સંબંધ હોય છે.

ફિલ્મનો પ્રેક્ષક અને સાહિત્યનો વાચક ભિન્ન હોય છે. ફિલ્મનો પ્રેક્ષક સ્થળ અને સમયની મર્યાદાથી ઘેરાયેલો હોય છે. જયારે સાહિત્યના વાચકને આવી સ્થળ અને સમયની મર્યાદા નડતી નથી. ફિલ્મ જોવા માટે નિશ્ચિત સમયે, નિશ્ચિત સ્થળે જવું પડે છે. વળી ફિલ્મ જોતી વખતે દર્શકને વાચક જેટલી મોકળાશ હોતી નથી. સાહિત્યકૃતિના પાનાં ઉથલાવી જવાય અથવા તો એ ધારે તેટલો સમય એનું વાંચત મોકૂફ રાખી શકે છે. જયારે ફિલ્મના દર્શકને વધુમાં વધુ બહાર એક લટાર મારવાની છૂટ હોય છે. પણ ફિલ્મ પ્રોજેકટર પર એનો કશો અંકુશ હોતોનથી. આથી ફિલ્મ દર્શક પર ઘણું પ્રભુત્વ ધરાવતી હોય છે. જો કે આને ફિલ્મની ક્ષતિ ગણી શકાય નહીં, બલ્કે દર્શકને સતત જકડી રાખવો એ એની સામેનો પડકાર જ ગણાય. બીજી બાજું અત્યંત રસપ્રદ નવલકથા વાંચતો હોય તો પણ વાચક ટેલિફોન ઉપાડવા ઉભો થાય છે. અથવા તો કોઈ આગંતુકને આવકાર આપવા બારણું ઉઘાડવા જાય છે. આ રીતે ફિલ્મ અને સાહિત્ય વચ્ચે એના સર્જન અને ભાવન બંનેની બાબતમાં મૂળભૂત તફાવત છે.

આમ સાહિત્ય અને સિનેમાનો સંબંધ ઘણો વિવાદાસ્પદ રહયો છે. ફિલ્મ એ માનવ અભિવ્યકિતનો આધુનિક પ્રકાર છે. સાહિત્ય અને સંસ્કૃતિનું બહુરંગી સ્વરૂપ છે. જેમ અગાઉ નાટક ને સર્વ કળાઓનો સમૂહ ગણવામાં આવતું હતું. તેમ હવે ફિલ્મ દરેક કળાઓના પ્રદર્શનનો આધાર બની રહી છે. સાહિત્ય પણ ફિલ્મ દ્વારા નવો અવતાર પામે છે, વધુ લોકો સુધી પહોંચે છે.

સંદર્ભ ગ્રંથો

૧. વસાવડા જય, સાહિત્ય અને સિનેમા
૨. શાહ પ્રીતિ, સમૂહ માધ્યમો અને સાહિત્ય
૩. ગંગર અમૃત, સિનેમા વિમર્શ
૪. થાનકી હસમુખ, ભારતીય સિનેમાના સો વર્ષ